ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૮ ટકા

# પ્લાસ્ટ ઈન્ડિયાને પગલે શહેરના ગેસ્ટ હાઉસ ફુલ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના તમામ ગેસ્ટ હાઉસ અને હોટલના રૂમ આગામી તા.૭ થી ૧૨ ફેબુઆરી દરમિયાન બુક થઈ ગયા છે. પ્લાસ્ટ ઈન્ડીયામાં વિદેશી મહેમાનો પધારવાના હોવાથી આ હોટલ અને ગેસ્ટ હાઉસ બુક કરી દેવામાં આવ્યા છે. ત્યારે હાલ ચાલ રહેલી લગ્નસરાની સિઝનમાં તમામ હોટલ અને ગેસ્ટ હાઉસના રૂમ બુક થઈ ગયા હોવાથી સામાન્ય નાગરીકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના ઘ-૪ થી ઘ-૫ વચ્ચે આવેલ તમામ ગેસ્ટ હાઉસ પર હાઉસફુલ લખેલા પાટીયા લટકતા જોવા મળે છે. શહેરમાં હાલના સમયે હજ્જારો રૂપીયા આપતા પણ રુમ ખાલી મળતા નથી જેથી ગેસ્ટ હાઉસ માલિકોને તો જાણે હાલ કમાણીની મૌસમ ખીલી હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે પ્લાસ્ટ ઈન્ડીયાને અનુલક્ષીને જે તે કંપનીઓએ આગામી ૬ માસ અગાઉથી ગેસ્ટ હાઉસનું બુકીંગ કરી દેતા હોય છે.

ગાંધીનગર શહેરમાં પ્લાસ્ટ ઈન્ડિયાનો પગલે અનોખો ધમધમાટ જોવા મળી રહ્યો છે. સવારથી મોડી રાત સુધી મોટા ટ્રેઈલરોમાં મોંઘીદાટ સામગ્રી આવતી હોય છે. તો બીજી તરફ કારીગરો પણ અંદર ટેન્ટ તૈયાર કરવા રાત દિવસ એક કરી રહ્યા છે. વિવિધ કંપનીના હજ્જારો માણસો કામ કરી રહ્યા છે. ત્યારે કર્મચારીઓને રહેવા જમવાની વ્યવસ્થા પણ કંપની દ્વારા કરવામાં આવે છે. જેનો પગલે સેકટર-૧૭ હેલીપેડ ગ્રાઉન્ડની આસપાસ આવેલા સેકટરના તમામ ગેસ્ટ હાઉસ અને હોટલના રૂમ બુક થઈ ગયા છે. જયારે કેટલીક ખાનગી કંપનીઓએ ગણતરીના દિવસો માટે તો ખાનગી મકાનો પણ હજ્જારો રૂપીયા આપીને કારીગરોને રહેવા માટે ભાડે રાખ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્લાસ્ટ ઈન્ડીયા ૨૦૧૮ ગાંધીનગર ખાતે તા.૭ થી ૧૨ ફેબુઆરીના રોજ યોજાવાનું છે.ઈન્ટરનેશનલ કક્ષાનું એકઝીબેશન સેન્ટર હોવાથી બહારના દેશના હજ્જારો મહેમાનો ગાંધીનગર પ્લાસ્ટ ઈન્ડીયામાં હાજરી આપવા માટે પધારવાના છે. ત્યારે શહેરની હોટલ અનો ગેસ્ટહાઉસ ભરચક થઈ ગયા છે. હજ્જારો રૂપીયા આપતા પણ એક પણ રૂમ ગેસ્ટહાઉસના માલિક પાસે ખાલી નથી તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

## શહેરના વિવિધ સ્થળો પર પ્લાસ્ટ ઈન્ડિયાના પાર્કીંગ પ્લેસ તૈયાર

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં પ્લાસ્ટ ઈન્ડિયાની તડામાર તૈયારીઓ શરુ થઈ ગઈ છે. પ્લાસ્ટ ઈન્ડિયાને પગલે શહેરના વિવિધ સ્થળો પર પાર્કીંગ પ્લેસ તૈયાર કરી દેવાયા છે. જેમાં સેકટર-૧૧, સે-૨૨, ૧૨, ૧૫નો સમાવેશ થાય છે. જયારે પાર્કીંગથી એકઝીબેશન સેન્ટર સુધી મુલાકાતીઓને લાવવા લઈ જવાની પણ વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં પાંચ દિવસીય યોજાનારા પ્લાસ્ટ ઈન્ડિયામાં રોજના હજ્જારો મુલાકાતીઓ આવે છે. ત્યારે તમામ વીવીઆઈપી મુલાકાતીઓ માટે પાર્કીંગની અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરના સેકટર-૧૧માં ચ-૩ રામકથા મેદાન, એલઆઈસી ઓફીસની સામેનું ગ્રાઉન્ડ, સેકટર-૨૨ શોંપીગ સેન્ટર પાસે, સે-૧૨ અને સે-૧૫ કોલેજ ગ્રાઉન્ડનો સમાવેશ થાય છે. ત્યારે પ્લાસ્ટ ઈન્ડિયામાં આવતા મુલાકાતીઓને પાર્કીંગ દુર પડતું હોવાથી સેકટરોના આંતરીક માર્ગો તેમજ મુખ્ય માર્ગો પર ગાડીઓ પાર્ક કરી દેતા હોય છે. પ્લાસ્ટ ઈન્ડિયામાં રોજના લાખો મુલાકાતીઓ વાહનો લઈને આવતા હોવાથી પાર્કીંગ ઉપરાંત શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો પર ગાડીઓનો ખડકલો જોવા મળે છે. જયારે મુલાકાતીઓને ખાસ વાહન દ્વારા હેલીપેડ સુધી લાવવા લઈ જવાની સેવા પુરી પાડવામાં આવશે.

## @ગાંધીનગર

● મધુર ડેરી દ્વારા સ્થાપના દિનની ઉજવણી સવારે ૯ કલાકે આંબેડકર હોલ, સે-૧૨ ખાતે કરાશે.

● મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે સિધ્ધી વિનાયક મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સ્થાપિત દેવતાના પૂજન, હવન, મહાસ્તપન અંતર્ગત વિવિધ કાર્યક્રમ મહારાષ્ટ્ર સમાજ ભવન, સે-૨૧ ખાતે સવારે ૯.૦૦ કલાકે યોજાશે.

● કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર અને રોટરી કલબ ઓફ ગાંધીનગરના ઉપક્રમે કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૮ની સમક્ષા અને અર્થતંત્ર પર તેની અસર અંગે માર્ગદર્શન અંગે વકતા મુકેશભાઈ પટેલનું વકતવ્ય સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન શેઠશ્રી ખિમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ, સે-૨૩ ખાતે યોજાશે.

# કોલવડા રોડ પરથી ખીચોખીચ દારૂ ભરેલું બિનવારસી ડાલુ મળ્યું



**એલસીબીએ પકડેલા ડાલામાંથી વિદેશી દારૂની ૯૫ પેટીઓ મળી : રૂ. ૬.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક કોલવડા-આદરજ રોડ પર અંબિકાનગર સોસાયટીની ખુલ્લી જગ્યામાં જી.જે. ડબલ્યુ ૦૧ એકસ બી ૨૯૬૯ નંબરનું એક ડાલુ બિનવારસી હાલતમાં પડયું છે અને તેમાં વિદેશી દારૂનો મસમોટો જથ્થો ભરેલો છે તેવી બાતમી ગાંધીનગર એલસીબીની ટીમને મળતા સ્થળ પર દરોડો પાડી ૯૫ પેટી વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો છે. રૂ. ૬.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લઈને ગાંધીનગર એલસીબીની ટીમે ગુનાની બારીકાઈથી તપાસ શરુ કરી આ માલ કોનો છે? અને કયાંથી લવાયો છે? તે સહિતની વિગતો બહાર લાવવા તપાસ તેજ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત તથા સેકન્ડ પી.આઈ. તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમો દારૂ-જુગારની પ્રવૃત્તિઓ અટકાવવા અને અડ્ડાઓ પકડી પાડવા સક્રિય છે ત્યારે ગઈ કાલે ટીમને ચોકકસ બાતમી મળી હતી કે કોલવડા-આદરજ રોડ પર અંબિકાનગર સોસાયટીની ખુલ્લી જગ્યામાં બિનવારસી પડેલા પીકઅપ ડાલા (છોટા હાથી)માં દારૂનો જથ્થો ભરેલો છે. આ બાતમી આધારે એલસીબીની ટીમે દરોડો પાડીને તપાસ કરતા બિનવારસી પડેલા ડાલામાં ખીચોખીચ વિદેશી દારૂનો જથ્થો ભરેલો મળી આવ્યો હતો. ડાલામાંથી ૯૫ પેટી (૧૧૫૦ નંગ) વિદેશી દારૂની બોટલો મળી આવતા એલસીબીની ટીમે રૂ. ૪,૫૬,૦૦૦નો દારૂ અને દોઢ લાખનું ડાલુ મળી કુલ રૂ. ૬,૦૬,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ગાંધીનગર એલસીબીએ ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

## ઈન્સ્ટિટયુટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચનો પ્રથમ પદવીદાન સમારંભ યોજાશે

કોબા પાસે આવેલી ઈન્સ્ટિટયુટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચનો પ્રથમ પદવીદાન સમારંભ ૭મી ફેબ્રુઆરી બુધવારે ૧૧ કલાકે કોલેજ કેમ્પસમાં યોજાશે.

પદવીદાન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે રાજયના રાજયપાલ ઓ.પી. કોહલી ઉપસ્થિત રહેશે. સંસ્થાના વર્ષ ૨૦૧૭ના ૯૦ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને પદવી આપીને સન્માનિત કરવામાં આવશે. આ સંસ્થાનો પાયો તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા નાંખવામાં આવ્યો હતો. જેનું ઉદઘાટન વર્ષ ૨૦૦૬ના એપ્રિલ માસમાં તત્કાલિન રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં આ સંસ્થાને ખાનગી યુનિ.નો દરજ્જો આપવામાં આવ્યો છે. આ સંસ્થામાં વર્ષ ૨૦૧૭-૧૮માં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ માટે સંસ્થા દ્વારા પ્રથમ પદવીદાન સમારંભ યોજવામાં આવ્યો છે.

## ઉમા આર્ટસ કોલેજ ખાતે કાવ્યગોષ્ઠિ યોજાઈ

ગાંધીનગર, તા.૫

ગુર્જર ભારતી દ્વારા ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજ ખાતે હિન્દી તથા ગુજરાતી કવિઓની કાવ્યગોષ્ઠિનું આયોજન



કરવામાં આવ્યું હતું. કાવ્યગોષ્ઠિમાં હિન્દી ભાષાના મૂર્ધન્ય કવિઓ ડૉ. આલોક ગુપ્તા, પ્રમોદ તિવારી, ઈશ્વરસિંહ ચૌહાણ, અપ્સર પઠાણ, સંતોષ અર્ષ, કવિ રત્નમ, પૂર્ણિમાકુમારી તથા ભરતકુમારે પોતાની રચનાઓનું પઠન કર્યું હતું. આ ઉપરાંત, ગુજરાતીના પ્રસિધ્ધ કવિઓ હરિકૃષ્ણ પાઠક, હર્ષદ ત્રિવેદી, દલપત ચૌહાણ, કિશોર જીકાદરાએ તેમની રચનાઓ પ્રસ્તુત કરી હતી. સાહિત્યકાર બિન્દુ ભટ્ટ દ્વારા હિન્દીના પ્રસિધ્ધ સાહિત્યકાર દૂધનાથસિંહ, ગોવર્ધન શર્મા, જલન માતરી અને નિરંજન ભગતને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા સાહિત્યપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ગુર્જર ભારતી હિન્દી અને ગુજરાતી ભાષાનો સેતુ છે. જેમાં બંને ભાષાના સાહિત્યકારોને મંચ પુરો પાડવામાં આવે છે.

## વાતવાતમાં

● શહેરના આકાશમાં એકાએક વાદળો ઉમટી આવતા લગ્ન સમારંભોના આયોજકો ચિંતામાં ગરકાવ થયા હતા. પાર્ટી પ્લોટથી માંડીને ઘરઆંગણે લગ્નપ્રસંગ લેનાર નાના આયોજકોને પણ પ્રસંગ બગડવાની ફડક પેસી હતી.

● સે-૧૭માં એકિઝબીશન ગ્રાઉન્ડ ખાતે યોજાનાર પ્લાસ્ટો ઈન્ડિયા એક્સ્પોના પગલે શહેરના ખાણી પીણીના વેપારીઓને તડાકો પડી જવા પામ્યો છે. આ સાથે શહેરના ઓટોરીક્ષા તથા ટેક્ષી ચાલકોને પણ ધંધામાં તેજી જોવા મળી રહી છે.

## દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટના સરસ્વતી સન્માન સમારોહનું આયોજન

ગુજરાત જનક્ષત્રિય દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટ દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે ચંદ્રકોનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમને પીઠબળ આપવા માટે સામાજિક સંસ્થાઓ તથા દાતાઓને યથાશકિત દાન આપવા માટે સંસ્થાના મંત્રી મહેન્દ્ર કે. ચૌહાણને ફોન નં. ૯૪૨૭૦૫૬૮૪૫ ઉપર સંપર્ક કરી શકાશે. સંસ્થાને આપવામાં આવતી દાનભેટ આવકવેરામાંથી મુકિતને પાત્ર છે. શૈક્ષણિક કીટ આપવા માટે શૈક્ષણિક-સામાજિક કાર્ય કરતી સંસ્થા તથા સર્વસમાજને સંસ્થાના મંત્રી દ્વારા વિનંતી કરવામાં આવી છે. સંસ્થા દ્વારા દાતા અને મહાનુભાવોનું સન્માન કરવામાં આવશે.

## રાજધાની વસાહત મંડળ દ્વારા ઓવરબ્રીજ બનાવવા માંગણી

ગાંધીનગર, તા.૫

રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા શહેરમાં રેલવે ફાટક પાસે થતી ટ્રાફિકની સમસ્યાને પગલે તાત્કાલિક ઓવરબ્રીજ બનાવવા માટે માંગણી કરવામાં આવી છે. વાવોલ ગામથી પથિકાશ્રમ જવાના રસ્તે અને સેકટર-૨૫ જીઆઈડીસીથી ઘ-૫ આવવાના રસ્તે ફાટક હોવાથી ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી રહે છે. વાવોલ ગામમાં અનેક સોસાયટીઓનું નિર્માણ થવાથી વસતીનું પ્રમાણ પણ વધ્યું છે. આ જ કારણથી વાહનચાલકોની અવરજવર મોટી માત્રામાં રહે છે. આ ઉપરાંત, ફાટક પર આવતી જતી ટ્રેનોમાં કોલસા ભરીને ૭૦ થી ૮૦ ડબ્બા વાળી ધીમીગતિમાં જતી ટ્રેનોનો પણ સમાવેશ થાય છે. ટ્રેનોની અવરજવર દરમિયાન ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. આ સ્થિતિ સામે વાહનચાલકોના સમયનો ખૂબ વ્યય થાય છે. શાળાના બાળકો તથા નોકરિયાત વર્ગનો સમય ન સચવાતો હોવાથી ગાંધીનગર અને વાવોલ ગામના રહીશોએ તાત્કાલિક ધોરણે ઓવરબ્રીજ બનાવવા માટે માંગ કરી છે.

## જિલ્લામાં ચાર પીઆઈની આંતરિક બદલી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા પોલિસ વડાએ જિલ્લાના ચાર પી.આઈ.ની આંતરિક બદલીઓના આદેશ જારી કર્યા છે. ચિલોડા પીઆઈ નિરજ પટેલને સે-૨૧ સિનિ. પી.આઈ તરીકે મુકવા તે ઉપરાંત સે-૨૧ સિનિ. પી.આઈ.ને સર્કલ પી.આઈ. તરીકે મુકયા છે. સર્કલ પી.આઈ. તરીકે ફરજ બજાવતા એલ.ડી. વાઘેલાને ચિલોડા પી.આઈ. તરીકે અને લીવ રીઝર્વ કંટ્રોલરૂમ પી.આઈ. મીનાક્ષીબેન પટેલને મહિલા પોલિસ સ્ટેશનમાં મુકવામાં આવ્યા છે.

# વામન કદની વ્યકિતઓના જીવન પર પ્રકાશ પાડતી ફિલ્મ 'ગટ્ટુ માય ફ્રેન્ડ'

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના જાણીતા ગુજરાતી ફિલ્મ મેકર જગદીશ સોનીની આગામી ફિલ્મ 'ગટ્ટુ માય ફ્રેન્ડ' ટૂંક સમયમાં રિલીઝ થનાર છે દુનિયામાં ઓછી ઊંચાઈ ધરાવતા ઠીંગણા વ્યકિતઓના જીવનને ઉજાગર કરતી આ એવી અનોખી ફિલ્મ છે કે જેને માત્ર ૯ જ દિવસમાં શુટ કરવામાં આવી છે. વળી, એક સાથે ફિલ્મમાં છ છ વામન કદના અદાકારોએ એક સાથે અભિનયના અજવાળા પાથર્યા હોય તેવી વિશ્વની આ એકમાત્ર ફિલ્મ હોવાનો નિર્માતા દાવો કરી રહ્યા છે. જેના કારણે ફિલ્મનો સમાવેશ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ તેમજ લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સમાવવા પ્રયાસ હાથ ધરાયો છે જે ગાંધીનગર માટે ગૌરવની વાત છે.

ફિલ્મના નિર્માતા-નિર્દેશક તથા લેખક જગદીશ સોની જણાવે છે કે 'આપણે જેમને વામણા, બટકા, ઠીંગુજી, ગટિયા કે દોઢ ફુટયાં કહીને મજાક કરતા હોઈએ છીએ તેવા વ્યકિતઓનું પણ એક જીવન હોય છે, તેમનો પરિવાર હોય છે અને તેમનું સન્માન જાળવવું જરુરી છે. ઈશ્વરે ભલે તેમને ઊંચાઈ ઓછી આપી હોય પરંતુ તેમને બીજી અનેક શકિતઓ આપી હોય છે જેના થકી તેઓ તેમની ક્ષમતા પુરવાર કરે છે. આ પ્રકારની વ્યકિતઓના જીવન પર પ્રકાશ પાડી તેમને સમાજમાં સન્માનની નજરે જોવામાં આવે તે મારો આ ફિલ્મ બનાવવા પાછળનો મુખ્ય હેતુ છે. આ ફિલ્મની રજૂઆત માટે હું ખૂબ જ ઉત્સુક છું.'

'ગટ્ટુ માય ફ્રેન્ડ' ફિલ્મ એક વામન કદના કુંભાર-માટીકારના પરિવારની વાર્તા છે. જેના પરિવારના તમામ સભ્યો ઓછી ઉંચાઈ ધરાવે છે. આ વૃધ્ધ માટીદારના ત્રણ પુત્રો, એક પુત્રવધુ અને એક પૌત્રની આ કહાની છે. જેમાં પૌત્રને પોતાના કાકાની જેમ ડાન્સની લગની લાગી છે. પારિવારિક મનોરંજન પીરસતી આ ફિલ્મમાં વિલન પણ છે અને ફાઈટ સીન્સ પણ છે. આ ફિલ્મમાં અભિનય આપી રહેલા છ મુખ્ય વામન કલાકારોમાંથી ૨ કલાકારો ગાંધીનગરના છે અને તેમાં પણ બાળ કલાકાર મહર્ષિ સોલંકીનો માત્ર ૩ વર્ષની ઉંમરે કોમ્પ્યુટર ચલાવવામાં માસ્ટરી માટે 'લિમ્કા બુક ઓફ રેકોર્ડસ'માં સમાવેશ કરાયો છે. ગાંધીનગર સમાચારની પત્રકારનું પાત્ર રોશની બંગાએ ભજવ્યું છે.

ફિલ્મની વાર્તાનો પ્રારંભ એક પત્રકાર યુવતી જે 'ગાંધીનગર સમાચાર'માં કામ કરતી હોય છે તે આ પરિવારના મોભીનો ઈન્ટરવ્યુ કરવા જાય છે ત્યાંથી થાય છે અને ફિલ્મના અંતમાં તેની વાત પૂર્ણ થાય તે પ્રકારના દશ્યથી થાય છે. ફિલ્મ નિર્માતા જગદીશ સોનીની આ ચોથી ફિલ્મ છે. અગાઉ તેઓ વર્ષ ૨૦૧૩માં આભા, ૨૦૧૬માં ચોરના ભાઈ ઘંટી ચોર અને યુવા કથા-પ્રોબ્લેમ એન્ડ સોલ્યુશન બનાવી ચુકયા છે. જેમાંથી યુવા કથા...અને હવે ગટ્ટુ માય ફ્રેન્ડ રિલીઝ માટે તૈયાર છે. આ ઉપરાંત તેમની આગામી ફિલ્મ રોશની જે મહિલા સન્માન આધારિત ફિલ્મ છે તે પણ આખરી તબક્કાને પૂર્ણ કરી ચુકી છે. જગદીશ સોની વર્ષ ૨૦૨૦ સુધીનું પ્લાનિંગ કરીને બેઠા છે જેમાં 'વાહ, શું લવ છે?, મારે ગાંધી બનવું છે, ટાઈમપાસ, પટેલ ચાલ્યા અમેરિકા અને સેવન્થ લવ'નું પ્લાનીંગ કરી ચુકયા છે. પટેલ ચાલ્યા અમેરિકા માટે તેઓ ૨૦૧૯માં અમેરિકામાં જઈને શુટિંગ કરશે જયારે સેવન્થ લવ એ એક વાસ્તવિક કહાની પર આધારિત ફિલ્મ છે. ૨૦૨૦ બાદ તેમનું આયોજન હિન્દી ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ઝંપલાવવાનું છે. ગટ્ટુ માય ફ્રેન્ડના કલાકારોએ નિયમિત હિરો-હિરોઈન કરતા વધુ સહકાર આપીને સેટ પર હંમેશા સમય કરતા વહેલા આવી જઈને ફિલ્મ નિર્માણમાં ખૂબ સહયોગ પુરો પાડયો છે તેવું જગદીશ સોનીએ જણાવ્યું હતું.

### ડાન્સ ક્રેઝી મહર્ષિ બાળપણથી પ્રતિભાશાળી



'ગટ્ટુ માય ફ્રેન્ડ' નો ૧૨ વર્ષીય કલાકાર મહર્ષિ સોલંકી કડી કેમ્પસમાં એસ.જી. અંગ્રેજી માધ્યમ સ્કૂલમાં ધોરણ પાંચમાં અભ્યાસ કરે છે અને માત્ર ૩ વર્ષની ઉંમરે કોમ્પ્યુટર વાપરવાની નિપુણતાને આધારે તેનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સામેલ કરાયું હતું. મહર્ષિને પાંચ વર્ષની ઉંમરથી ડાન્સ-અભિનયનો શોખ છે અને ડાન્સ ઈન્ડિયા ડાન્સ-લીટલ માસ્ટર્સ, સુપર ડાન્સર્સ, ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ જેવા રિયાલીટી શો માટે ઓડિશન્સ આપી ચુકયો છે. તે પિયાનો, ડ્રમસેટ, કેશિયો વગેરે ખુબ સારી રીતે વગાડી જાણે છે.

### એક સાથે છ ઠિંગણા અભિનેતા સાથેની વિશ્વની પ્રથમ ફિલ્મ : ગાંધીનગરના નિર્માતા જગદીશ સોનીનું અનોખું સાહસ : સમગ્ર ફિલ્મ માત્ર ૯ દિવસમાં શુટ કરાઈ : ફિલ્મમાં ગાંધીનગર સમાચારના પત્રકારનું પણ પાત્ર




### દાદાનું પાત્ર ભજવાનર કનુભાઈ રીક્ષા ચલાવે છે



માટીકાર સવજીભાઈના પિતાનો રોલ કરનાર ૫૫ વર્ષીય કનુભાઈ પરમાર ખાનગી કંપનીમાંથી નિવૃત્ત થઈ ગાંધીનગરમાં રીક્ષા ચાલવી ગુજરાન ચલાવે છે. તેઓ કહે છે 'અમને બધા મજાકની નજરે જુએ છે, કુદરતે ભલે અમને હાઈટ ઓછી આપી છે પરંતુ અમને અન્ય ક્ષમતા પણ બક્ષી છે જેના થકી અમે પરિવારનું ગુજરાત પણ કરીએ છીએ. અમે પણ અન્ય માનવીઓ જેવા જ છીએ તેવી વાચા આપવાનુ 'કાર્ય જગદીશભાઈએ કર્યું છે.'

## સે-૨૧ ખાતે વૈષ્ણવો માટે બ્રહ્મસંબંધનું આયોજન

ગાંધીનગર, તા.૫

સેકટર-૨૧માં આવેલા હવેલી મંદિર ખાતે ૯મી ફેબ્રુઆરીને શુક્રવારે સવારે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન પરપૂજય ગોવર્ધન વ્રજરાજકુમાર દ્વારા બ્રહ્મસંબંધ આપવામાં આવશે. જે વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ લેવાના હોય તેઓ હવેલી મંદિરના કાર્યાલયમાં નામ નોંધાવી શકશે. નોંધનીય છે કે, બ્રહ્મસંબંધ લેવા માંગતા વૈષ્ણવે આગળના દિવસે ઉપવાસ કરવાનો રહેશે.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ શારદાબેન માણેકલાલ, ઉ.વ. ૮૬
- સ્વ. તખુબા હેમતુજી ગોલ, ઉ.વ. ૬૫
- સ્વ. સવિતાબેન ચેહરાજી મકવાણા, ઉ.વ. ૫૨
- સ્વ. રબારી ગંગાબેન હરીભાઈ, ઉ.વ. ૮૨
- સ્વ. પાર્વતીબેન નારણભાઈ દંતાણી, ઉ.વ. ૬૫
- સ્વ. ચૌહાણ રમણજી કલજી, ઉ.વ. ૭૩
- સ્વ. હિંમતલાલ નરસિંહલાલ ત્રિવેદી, ઉ.વ. ૮૮